# હૈદરાબાદ પોલીસ ઝીંદાબાદ : રાજ્યભરમાં એક જ અવાજ

## ચારેય નરાધામોનું એન્કાઉન્ટર કરી દેનારા તેલંગાણા પોલીસ કર્મીઓને એક એક લાખ ઈનામ આપવાનું મહુવાના વેપારીની જાહેરાત : ગુજરાતમાં ઉજવણી

અમદાવાદ, તા.૬

તેલંગાણા દુષ્કર્મ કેસના ચારેય આરોપીઓને પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર મારવાની ઘટનાનું ગુજરાત સહિત દેશભરમાં ભારે ઉત્સાહ અને ન્યાય મળ્યાના સંતોષની લાગણી સાથે સ્વાગત થઈ રહ્યું છે. અમદાવાદ શહેર સહિત સમગ્ર ગુજરાત રાજ્ય અને દેશભરમાં તેલંગાણા પોલીસના એન્કાઉન્ટરના કારનામાને લઈ જાણે ઉજવણીનો માહોલ બન્યો છે. મહિલા તબીબ પર દુષ્કર્મ ગુજારી તેને જીવતી સળગાવી દેવાના જઘન્ય અને અત્યંત ઘૃણાસ્પદકાંડના ચારેય આરોપીઓને એન્કાઉન્ટરમાં ઠાર મારવાર તેલંગાણા પોલીસને ગુજરાત સહિત દેશભરમાંથી શુભેચ્છા, શાબાશી, સલામી અને દુઆઓ મળી રહી છે. ખાસ કરીને ગુજરાત સહિત દેશભરની મહિલાઓ તેલંગાણા પોલીસની કામગીરીથી સૌથી વધુ ખુશ છે અને તેઓ મીઠાઈ વહેંચી, લોકોના મોં મીઠા કરાવી, ફટાકડા ફોડી અને ન્યાય મળ્યાની લાગણી સાથે તેલંગાણા પોલીસની ન્યાયપધ્ધતિને



બિરદાવી રહી છે. માત્ર એટલું જ નહીં, ચારેય નરાધમોનું એન્કાઉન્ટર કરનારા તેલંગાણા પોલીસ કર્મીઓને ભાવનગરના મહુવાના વેપારી રાજભા ગોહિલ દ્વારા રૂ.૧-૧ લાખનું ઈનામ આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઘટનાથી તેઓ પોલીસ પર ગર્વ અનુભવી રહ્યા છે. રાજભા ગોહિલે જણાવ્યું હતું કે, હું હૈદરાબાદ જઈને તેલંગાણા પોલીસનું સન્માન કરીશ. હું મહુવામાં રહું છું. આજે મને ગર્વ થાય છે, દેશની બહેન-દીકરીઓને જે સન્માન આપ્યું છે, તેથી હું મારા દેશની પોલીસને એક-એક લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરૂ છું. આ રકમ હું હૈદરાબાદ જઈને પોલીસને આપીશ. જે કાર્ય પોલીસ કર્યું છે તે સન્માનને લાયક છે તેમજ કાયદો અને વ્યવસ્થાનું સન્માન કરૂ છું. મારી દેશની બહેન-દીકરીઓ સામે કોઈ આંખ ઉંચી ન કરે તેવું પોલીસ કાર્ય કરે તે માટે હું હૈદરાબાદ જઈને પોલીસનું સન્માન કરીશ. જય હિન્દ....આમ, તેલંગાણા દુષ્કર્મના આરોપીઓને પોલીસ એન્કાઉન્ટરમાં મારવામાં આવ્યા હોવાના અહેવાલો આવ્યા બાદ સમગ્ર ગુજરાત સહિત દેશભરમાં ઉજવણીનો માહોલ જોવા મળી રહ્યો છે. લોકો ફટાકડા ફોડીને અને મીઠાઈઓ વેચીને ખુશીઓ વ્યક્ત કરી રહ્યા છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત સહિતના શહેરોમાં આજે તેલંગાણા પોલીસના માનમાં અને તેમની બહાદુરીભરી કામગીરીને બિરદાવતાં કાર્યક્રમો યોજાયા હતા.

# હૈદરાબાદ એન્કાઉન્ટરના આઘાત - પ્રત્યાઘાત

### એન્કાઉન્ટર આ પ્રકારની સમસ્યાનું સમાધાન નથી : મેનકા ગાંધી



ભાજપના સાંસદ મેનકા ગાંધીએ હૈદરાબાદ એક્રાઉન્ટર પર સવાલ ઉઠાવ્યા છે. મેનકા ગાંધીએ કહ્યું કે હૈદરાબાદમાં જે થયું તે યોગ્ય નથી. એક્રાઉન્ટર આ પ્રકારની સમસ્યાનું સમાધાન નથી. મેનકા ગાંધીએ કહ્યું કે આરોપીઓને યોગ્ય ન્યાયિક પ્રક્રિયા અંતર્ગત સજા મળવી જોઈએ. સાથે જ આરોપીઓ જેલમાં બંધ હોય તો કેવી રીતે ભાગી શકે તેવા સવાલો પણ કર્યા હતા.

### ભલે મોડું આવ્યું પણ યોગ્ય આવ્યું : જયા બચ્ચન



સમાજવાદી પાર્ટીના સાંસદ જયા બચ્ચને હૈદરાબાદ એનકાઉન્ટર અંગે કહ્યું, ભલે મોડું આવ્યું પણ યોગ્ય આવ્યું. તો સોનલ માનસિંહે કહ્યું કે આરોપી વિરૂદ્ધ થયેલી કાર્યવાહી યોગ્ય છે. સાથે જ તેઓએ કહ્યું કે સગીર વયના આ પ્રકારના કામ કરે છે ત્યારે સામાજિક સ્તરે સુધારો કરવાની જરૂર છે.



### હૈદરાબાદ પોલીસે અન્ય પોલીસને શીખ આપી કે રેપના આરોપીઓ સાથે શું કરવું જોઇએ : માનીવાલ

હૈદરાબાદ દુષ્કર્મ કેસના ચારેય નરાધમોને પોલીસે એક્રાઉન્ટરમાં ઠાર કર્યા છે. ત્યારે દિલ્હી મહિલા આયોગની અધ્યક્ષા સ્વાતિ માલીવાલે એક્રાઉન્ટર અંગે ખુશી વ્યક્ત કરી હતી. સ્વાતિ માલીવાલે પ્રતિક્રિયા આપતાં કહ્યું કે જે થયું તે સારું થયું આરોપીઓ એક્રાઉન્ટરમાં ઠાર થયા. હૈદરાબાદ પોલીસે દેશની અન્ય પોલીસને શીખ આપી છે કે રેપના આરોપીઓ સાથે શું કરવું જોઈએ.



### અસદુદ્દીન ઓવૈસી


એઆઈએમઆઈએમના અસદુદ્દીન ઓવૈસીએ એક્રાઉન્ટરની ટીકા કરી હતી અને કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ આ એક્રાઉન્ટરની અદાલતી તપાસ થવી જોઈએ.



### શશી થરૂર

કોંગ્રેસના શશી થરૂરે સોશ્યલ મિડિયા પર લખ્યું હતું કે આરોપીઓ પાસે ગન હતી અથવા પોલીસની ગન લઈને નાસવાના પ્રયાસ કર્યા એવી પોલીસની વાત સાચી હોય તો કંઈ કહેવું નથી. અન્યથા આ કાર્યને સ્વીકારી શકાય નહીં. વધુ વિગતોની વાટ જોવી જોઈએ. એ પહેલાં આ ઘટનાની ટીકા કરવી ન જોઈએ. પરંતુ કાયદાનું પાલન કરતા દેશમાં આ પ્રકારની હિંસા સ્વીકારી શકાય નહીં.

### રાષ્ટ્રીય મહિલા પંચના અધ્યક્ષા રેખા શર્મા



રાષ્ટ્રીય મહિલા પંચના અધ્યક્ષા રેખા શર્માએ કહ્યું કે એક આમ આદમી તરીકે હું ખુશ છું. પરંતુ આરોપીઓને ન્યાયતંત્ર દ્વારા સજા થાય એ વધુ યોગ્ય રહેત. આ પ્રકારના એક્રાઉન્ટર ખોટો દાખલો બેસાડે છે.



### સીતારામ યેચુરી

માર્કસવાદી નેતા સીતારામ યેચુરીએ પણ એક્રાઉન્ટરની તપાસ યોજવાની માગણી કરી હતી અને આ ઘટનાને વખોડી હતી. ૨૦૧૨માં બનેલી નિર્ભયા કાંડની ઘટના પછી ઘડાયેલા કડક કાયદાનું પાલન કેમ થતું નથી એવો સવાલ પણ તેમણે કર્યો હતો.



### સુપ્રીમ કોર્ટ વકીલ વૃંદા ગ્રોવરે પોલીસ સામે FIR કરવાની માંગણી કરી

હૈદરાબાદ ગેંગરેપ અને હત્યા મામલામાં જે રીતે તેલંગાના પોલીસએ ચારેય આરોપીઓને એક્રાઉન્ટરમાં ઠાર માર્યા છે, ત્યારબાદથી પોલીસની કાર્યવાહી પર સવાલ ઊભા થઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટની વકીલ વૃંદા ગ્રોવર એ કહ્યું કે, તેલંગાના પોલીસ પર કેસ નોંધવો જોઈએ. ઉપરાંત આ મામલાની સ્વતંત્ર ન્યાયિક તપાસ પણ કરાવવી જોઈએ. તેઓએ કહ્યું કે, કોઈ પણ ઘટનામાં પોલીસ એક્રાઉન્ટર કરવું ખોટું છે.

### ઉમા ભારતી, બીજેપી નેતા



એક્રાઉન્ટરની ઘટનાને અંજામ આપનારા બધા પોલીસ અધિકારી શુભેચ્છાના પાત્ર છે. હું હવે વિશ્વાસ કરી શકું છું કે બીજા રાજ્યોમાં સત્તા પર બેઠા લોકો આરોપીઓને જલ્દી સજા કરશે.



### યોગગુરુ રામદેવ

પોલીસે જે પણ કર્યું તે સાહસપૂર્ણ કામ છે. મને લાગે છે કે ન્યાય થયો છે અને જે કાયદાકીય સવાલ ઉભા થઈ રહ્યા છે તે અલગ વાત છે. મને લાગે છે કે દેશની જનતાને હવે સંતોષ મળશે.

# ડીસાની નેમિનાથ સોસાયટી નજીક ભૂગર્ભ ગટર ઉભરાતા રહીશો ત્રાહિમામ

ડીસા, તા. ૬

ડીસાની પોશ એવી નેમિનાથ સોસાયટી નજીકના મુખ્ય માર્ગ ઉપર આવેલ ભૂગર્ભ ગટરનો ખાળ કૂવો ઉભરાઈ જતા પ્રસરેલી દુર્ગન્ધના કારણે સ્થાનિક રહીશો સહિત પસાર થતા રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠે છે.

ડીસાના મુખ્ય બજારને અડીને આવેલા



નેમિનાથ નગરમાં બે જીનાલયો આવેલા છે તેથી દિવસ દરમિયાન અનેક શ્રાવકો અહીં દર્શનાર્થે આવતા હોય છે ત્યારે નેમિનાથ નગરના મુખ્ય માર્ગ ઉપર અવારનવાર ખાળ કુવો ઉભરાતા તેની ચારે તરફ દુર્ગંધ ફેલાઈ જતા સ્થાનિકો અને રાહદારીઓ માટે આ માર્ગ ઉપરથી પસાર થવું પણ દુષ્કર થઈ જાય છે માથું ફાડી નાખે તેવી દુર્ગંધ અને રોડ પર ગંદુ પાણી રેલાવાના કારણે આસપાસમાં આવેલી દુકાનોના વેપારીઓ પણ ભારે મુશ્કેલી વેઠી રહ્યાં છે. દિવસ દરમિયાન સતત ગંદુ પાણી ઉંભરાઇ જતા ચારે બાજુ મચ્છર અને માખીનો ઉપદ્રવ વધી જતા રોગચાળાની પણ દહેશત વર્તાઈ રહી છે.

આ મામલે સ્થાનિક રહીશો અને વેપારીઓએ નગર પાલિકામાં રજુઆત કરી હોવા છતાં પણ પાલિકા તંત્ર આ બાબતે કોઈ જ પગલાં ભરતું નથી પાલિકા દ્વારા બનાવવામાં આવેલ ભૂગર્ભ ગટરમાં લોકોએ શૌચ કુવાના જોડાણ આપી દેતા સ્થિતિ વણસી ગઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભૂગર્ભ ગટર બન્યા બાદ તેના નિકાલ માટેની આજદિન સુધી કોઈ જ વ્યવસ્થા કરવામાં આવી નથી અને તેના જોડાણ હજુ કરવામાં આવે તે પહેલાં મોટા ભાગના લોકોએ પોતાના ગટર અને શૌચ કુવાના જોડાણ ભૂગર્ભ ગટરમાં આપી દેતા નિકાલના અભાવે ડીસામાં મોટાભાગની ભૂગર્ભ ગટરો ઉભરાઈ ઉઠતા ગંદકી અને દુર્ગંધ ફેલાવા પામે છે. ત્યારે પાલિકા તેના કાયમી નિકાલનો પ્રબંધ કરે તેવો જનમત પ્રવર્તે છે.

# ધાનેરા પોલીસે નંદ ગામની સિમમાંથી દારૂ ભરેલું પીકઅપ ડાલુ ઝડપ્યું

ધાનેરા પોલીસે નાનુડા ગામની સીમમાંથી પીકપ ડાલા નં ય્ન-૦૮-રૂ-૯૮૧૯ માં ભારતીય બનાવટનો વિદેશી દારૂની પેટી નંગ ૮૯ બોટલ નંગ-૪૨૭૨ કિ.રૂ. ૪,૭૨,૨૦૦/- તથા ગાડી કિ.રૂ ૨,૦૦,૦૦૦/-તથા મોબાઈલ નંગ -૨ કિ.રૂ. ૨૫૦૦/- મળી કુલ મુદ્દામાલ રૂ. ૬,૨૯,૭૦૦/- નો મુદ્દામાલ પકડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

ધાનેરા માં નવા આવેલા પીઆઈ શ્રી એસ.એ.ડાભી તથા ઈશ્વરભાઈ હરસીંગાભાઈ તથા વિક્રામભાઈ પીરાભાઈ તથા રમેશભાઈ કચરાભાઈ તથા પ્રકાશભાઈ શાન્તીલાલ વિગેરે પો.સ્ટાફના માણસો પ્રોહી પેટ્રોલીગમાં હતા દરમીયાન નાનુડા ગામ પાસેથી શંકાસ્પદ પીકપ ડાલા નં ય્ન-૦૮-રૂ-૯૮૧૯ ની આવતાં રોકવાનો ઈશારો કરતાં ઉભી ના રાખેલ અને ફિલ્મી ઢબે ગાડી નાનુડા થઈ ડેડુડી ગામના કાચા નેળીયા થઈ ડુવા ગામ તરફ ભગાડેલ જેનો ફિલ્મી ઢબે પીછો ચાલુ રાખેલ અને ગાડી ડુવા સીમમાંથી પલટાવી પાછી નાનુડા તરફ વાળતા ગાડીના ટાયર ખાડામાં પડી જતા ગાડી મુકી ચાલાક નાસી ગયેલ અને પીકપ ડાલા નં ય્ન-૦૮-રૂ-૯૮૧૯ માં જોતા ભારતીય બનાવટનો વિદેશી દારૂની પેટી નંગ ૮૯ બોટલ નંગ-૪૨૭૨ કિ.રૂ. ૪,૭૨,૨૦૦/- તથા ગાડી કિ.રૂ ૨,૦૦,૦૦૦/- તથા મોબાઈલ નંગ -૨ કિ.રૂ. ૨૫૦૦/- મળી કુલ મુદ્દામાલ રૂ ૬,૨૯,૭૦૦/-નો મુદ્દામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે



અરવલ્લી જિલ્લાના મોડાસા નજીક આવેલા માઝૂમ ડેમના કિનારેના શીણાવાડ ગામે સોમેશ્વર મહાદેવ મંદિરમાં મૂર્તિ સ્થાપનનો ત્રીદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો, ભૂદેવો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે ભગવાન સોમેશ્વર મહાદેવ, માતા પાર્વતી, ગજાનન ગણપતિ અને પવનસુત હનુમાનજીની મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો જેમા ગામના તમામ સમુદાયના અગ્રણીઓ અને લોકો ઉસ્તાહસભર સાથે જોડાઈ મૂર્તિના પ્રાણ પ્રતિષ્ઠા ઉજવી કરી હતી, મંદિરમાં શોભાયમાન ભગવાનના દર્શન કરી ગ્રામજનોએ ધન્યતા અનુભવી હતી.

# અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનું ડીઝીટલાઈઝેશન કરાયું

## શાળાના કર્મચારીઓના પગાર તેમના ખાતામાં જમા થશે

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર મધ્યમિક ૨૦૯ શાળાઓના કર્મચારીઓનો પગાર અને શાળાઓના નિભાવ ગ્રાન્ટ સહિતની કામગીરી મેન્યુઅલ સિસ્ટમથી થતી હતી પરંતુ હવેથી ઈ-પેમેન્ટ સિસ્ટમથી કરાશે જેના લીધે હવે શિક્ષણાધિકારી કચેરી દ્વારા પેમેન્ટ સીધું બેન્ક એકાંઉન્ટમાં જમા કરવા માટેનો જિલ્લાનો કેમ્પ જિલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલ અને ડીઈઓ કચેરીના



કર્મચારીઓ, તમામ સંઘોના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

પહેલા પગારના કે શાળાના નિભાવ ગ્રાન્ટના મેંન્યુઅલ દરખાસ્ત શાળાઓએ બનાવી કચેરીમાં મોકલવી પડતી હતી જે દરખાસ્તો તિજોરીમાં જતી હતી અને પછી બેન્ક ચેકો તૈયાર થઈ શાળાઓને મળતા હતા જેના કારણે લેટ પેમેન્ટ પણ થતું હતું જેના કારણે કર્મચારીઓના પગારમાંથી પોસ્ટ આર.ડી, વિમાની કપાતો સહિતની કપાતોનું પેમેન્ટ લેટ પહોંચતું હતું બધી મુશ્કેલીઓ નિવારવા અને ઝડપી પેમેન્ટની ચુકવણી થાય તે માટે ડીઈઓ દ્વારા ઇ પેમેન્ટની કાર્યવાહી હાથ ધરાઈ છે. જીલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામોમાં ફરજ બજાવતા કર્મચારીમાં આનંદ છવાયો હતો.


## કંપની સમાચાર

### ચોકલેટરૂમ હવે સિંગાપુર, બેંગકોક, કમ્બોડીયા અને વિયેટનામમાં પોતાના સ્ટોર શરૂ કરશે

ચોકલેટ પ્રેમીઓના માનીતા કાફે સ્ટોર ચોકલેટરૂમ હવે ટૂંક સમયમાં પશ્ચિમ એશિયાના દેશોમાં પોતાના ફ્રેન્ચાઈઝી સ્ટોર શરૂ કરશે. ચોકલેટના વિવિધ પ્રકારના પીણાંઓ અને ડેઝર્ટ પિરસતુ કાફે ચોકલેટરૂમ ભારત ઉપરાંત અન્ય ૯ દેશોમાં ૩૩૧ જેટલા ફ્રેન્ચાઈઝી સ્ટોર ધરાવે છે. ચોકલેટરૂમમાં ૨૦૦થી વધુ ચોકલેટ ડીન્ક અને ડેઝર્ટ તેના માનવંતા ગ્રાહકોને પીરસે છે. તાજેતરમાં ઈકોનોમિક્સ ટાઈમ્સ દ્વારા કંપનીના એમડી વિકાસ પંજાબી અને ચૈતન્યકુમારને એશિયાના સૌથી વધુ પ્રભાવશાળી બિઝનેસમેન તરીકે નવાજવામાં આવ્યા છે. આગામી દિવસોમાં ચોકલેટરૂમ સિંગાપુર, બેંગકોક, કમ્બોડિયા અને વિયેટનામમાં પોતાના ફ્રેન્ચાઈઝી સ્ટોર શરૂ કરશે.


## દયાની અરજી

● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે રાષ્ટ્રપતિ આ અરજીનો નિકાલ કરશે. જો રાષ્ટ્રપતિ દયાની અરજીને ફગાવી દેશે તો અપરાધીઓની ફાંસીનો રસ્તો સાફ થશે. અરજી ફગાવી દેવામાં આવશે તો સંબંધિત કોર્ટ ચારેય અપરાધીઓને ફાંસી પર લટકાવવા માટે ડેથ વોરન્ટ જારી કરશે. દયા અરજીનો નિકાલ લાવવામાં વિલંભ થાય તો અપરાધીઓ ફરીથી સુપ્રીમ કોર્ટમાં અરજી કરી શકે છે. ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે નિર્ભયા ગેંગરેપની ઘટનાના અપરાધીઓને ૧૬મી ડિસેમ્બરના દિવસે જ ફાંસી પર લટકાવવાની અટકળો ચાલી રહી છે. તિહાર જેલના કેદીઓને ૧૬મી ડિસેમ્બરના દિવસે ફાંસી પર લટકાવવામાં આવશે.

## વાતાવરણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાથે વાદળિયા વાતાવરણ વચ્ચે સુસવાટા મારતા ઠંડા પવનના લીધે નગરજનોએ દિવસે પણ ઠંડીનો અહેસાસ કર્યો હતો. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. બીજીતરફ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન પણ ઘટ્યુ હતુ. મહત્તમ તાપમાનમાં ૨ ડીગ્રીનો ઘટાડો જોવા મળ્યો હતો. મહત્તમ તાપમાન ૨૮.૨ ડીગ્રી રહ્યુ હતુ. શિયાળાની મોસમની શરૂઆતના અંતે પણ હજુ ડિસેમ્બરના પ્રથમ સપ્તાહના અંતે ઠંડીનો કહેર જોઈએ તેવો વર્તાયો નથી. પરંતુ આજે સર્જાયેલા વાદળિયા વાતાવરણની સાથે સુસવાટા મારતા ઠંડા પવન વચ્ચે નગરજનોએ દિવસ દરમિયાન ઠંડીનો અહેસાસ કર્યા હતો. જયારે સાંજ ઢળતા પણ નગરના જનજીવનમાં ઠંડીની અસર વર્તાઈ હતી. રાત્રિના સમયે પણ નગરજનોએ આકરી ઠંડી અનુભવી હતી. મોસમનો મિજાજ બદલાતા વાદળિયા વાતાવરણ વચ્ચે શહેરમાં ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. જયારે જન આરોગ્ય પર ઠંડીની વિપરિત અસર વર્તાઈ હતી. વાદળિયા વાતાવરણના લીધે સિનિયર સિટીઝન્સ તેમજ દમ શરદી સહીત સાંધાના દુખાવાના દર્દીઓ વિશેષ પરેશાન થયા હતા. મોસમના વિચિત્ર મિજાજ વચ્ચે નગરજનો સુસ્તી અને બેચેનીનો ભોગ બન્યા હતા. હવામાન તજજ્ઞોના જણાંવ્યા મુજબ હજુ એકાદ દિવસ વાદળિયુ વાતાવરણ રહેશે જયારે વાદળિયા વાતાવરણ અને પવનના લીધે ઠંડીનુ જોર પણ વધે તેવી સંભાવના છે.

## એન્કાઉન્ટર

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળી આવ્યા છે. શરણે થવા માટે તેમને કહેવામાં આવ્યું હતું પરંતુ વાત ન માનતા સુરક્ષા માટે ગોળીબાર કરવામાં આવ્યો હતો. ઘાયલ જવાબ પૈકી એકની હાલત ગંભીર છે. પીડીતાનો ફોન પણ મળી આવ્યો છે. અગાઉ હૈદરાબાદના પોલીસ કમીશ્નર વીસી સજ્જનારે આ તમામ નરાધમો ઠાર થયા હોવાની કબુલાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે આ નરાધમોએ એ વખતે ભાગી છુટવાના પ્રયાસ કર્યા હતા જ્યારે પોલીસ તેમને ઘટનાસ્થળ પર ક્રાઈમ સીન દોહરાવવા માટે લઈને પહોંચી હતી. સજ્જનારે કહ્યુ હતુ કે આ ઘટના વહેલી સવારે ત્રણ વાગ્યાથી લઈને છ વાગ્યા વચ્ચે બની હતી. તેમણે કહ્યુ હતુ કે એન્કાઉન્ટરમાં ગેંગ રેપ અને મર્ડરના આરોપી મોહમ્મદ આરિફ, નવીન, શિવા અને ચેન્નાકેશવુલુ માર્યા ગયા છે. તેમણે કહ્યુ હતુ કે તેઓ પોતે પણ વહેલી સવારે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ સંજોગની વાત છે કે તમામ આરોપી એ જગ્યાએ ઠાર થયા છે જ્યાં ૧૦ દિવસ પહેલા મહિલા તબીબની સાથે રેપની ઘટના બની હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ ક્રાઈમ સીન દોહરાવવા માટે આરોપીઓને લઈને પોલીસ પહોંચી હતી. એ વખતે આરોપીઓઅ ભાગી છુટવાના પ્રયાસ કર્યા હતા. તેમનો પીછો કરવામાં આવ્યા બાદ પોલીસે તેમને ઠાર કર્યાહતા. પોલીસે મોડેથી તમામના મૃતદેહને ઘટનાસ્થળથી દુર કરી દીધા હતા. કોઈ પણ પ્રકારની હિંસા ન થાય તે માટે પોલીસે તમામના મૃતદેહોને ત્યાંથી દુર કરી દીધા હતા. શમ્શાબાદના ડીસીપી પ્રકાશ રેડ્ડીએ કહ્યુ હતુ કે હૈદરાબાદ પોલીસ આરોપીઓને ક્રાઈમ સ્પોટ પર લઈને ગઈ હતી. સીનને રિક્રેએટ કરવાના પ્રયાસરૂપે આરોપીઓને લઈને પોલીસ પહોંચી હતી. આ ગાળા દરમિયાન આરોપીઓને પોલીસના હથિયારો આંચકી લઈને ભાગવાના પ્રયાસ કર્યા હતા. જેના ભાગરૂપે પોલીસે આત્મરક્ષામાં ગોળીબાર કર્યો હતો. જેમાં ચારે આરોપી ફુંકાયા હતા. તેલંગાણાના કાનુન મંત્રી ઈન્દ્રકરણ રેડ્ડીએ કહ્યુ હતુ કે કાનુની પ્રક્રિયા હાથ ધરવામાં આવે તે પહેલા જ ભગવાને તેમને યોગ્ય સજા આપી દીધી છે. આ બનાવ બાદ હૈદરાબાદ સહિત સમગ્ર દેશમાં ખુશીની લહેર છે. તેમણે કહ્યુ હતુ કે તેઓ પોલીસના હથિયારોને લઈને ભાગી જવાના પ્રયાસ કરી રહ્યા હતા. પોલીસ તમામને લઈને ઘટનાસ્થળે પહોંચી હતી. ઘટનાની કડીઓને જોડી શકાય તે માટે ઘટનાસ્થળે પોલીસ આરોપીઓને લઈને પહોંચી હતી. પોલીસની કાર્યવાહી આ તપાસ માટે ખુબ મહત્વપૂર્ણ હોય છે. હૈદરાબાદ પોલીસની કાર્યવાહીને યુપીના પૂર્વ ડીજીપી વિક્રમ સિંહે યોગ્ય ગણાવીને કહ્યુ છે કે આવી સ્થિતીમાં પોલીસ પાસે કોઈ વિકલ્પ રહેતા નથી. એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં પોલીસે કહ્યુ છે કે હૈદરાબાદ પોલીસ આ ઘટના માટે અભિનંદનને પાત્ર છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે હૈદરાબાદ કાંડ બાદ સમગ્ર દેશમાં નારાજગી પ્રવર્તી રહી હતી. આરોપીઓને જાહેરમાં ફાસી આપવાની માંગ થઈ રહી હતી. ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે નિર્ભયા કાંડ બાદ જે રીતે લોકોમાં આક્રોશ હતો તેવો જ આક્રોશ આને લઈને હતો. આજે આરોપીઓને ફુંકી મારવામાં આવ્યા હતા.

## રોશની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવવા માટે પુરતી તકેદારી રાખી કામ કરવામાં આવશે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સમગ્ર શહેરને દુલ્હનની જેમ શણગારવામાં આવે છે. શહેરના વિવિધ રસ્તાઓ અને સર્કલોને પણ શણગારવામાં આવે છે. ત્યારે અન્ડર પાસમાં પણ રંગબેરંગી રોશની જોવા મળશે.જયારે અન્ડર પાસમાં ચેનલ લાઈટીંગની કામગીરી પણ નમુનારૂપ થશે.

## આંદોલન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાત પણ ત્યાં જ ગુજારી હતી. ઉમેદવારો માટે રાત્રીના જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. જયારે સવાર પડતા જ કોંગ્રેસના ઉમેદવારોની લાઈન લાગી હતી. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી, શહેરના ધારાસભ્ય સી.જે.ચાવડા, વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર, ગોપાલ ઈટાલીયા, કોંગ્રેસના અગ્રણી આગેવાન મનીષ દોશી, જયરાજસિંહ પરમાર, પ્રવિણ રામ સહિતના આગેવાન ઉમેદવારોના સમર્થનમાં આવી પહોંચ્યા હતા. જયારે ઉમેવારોએ પરીક્ષા રદ કરવાની માંગ સાથે પ્રતિક ઉપવાસ શરુ કર્યા છે. જેમાં દરરોજ ૧૫ જેટલા ઉમેદવારો પ્રતિક ઉપવાસ કરશે. ત્યારે આજે સાંજના સુમારે અચાનક એક ઉમેદવારની તબિયત લથડતા ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. ત્યારે ઉમેદવારો શહેરમાં પડી રહેલી ઠંડીમાં પણ પોતાના પરીક્ષા રદ કરવાના મુદ્દે અડગ નિર્ણય સાથે સ્વર્ણીમ પાર્ક ખાતે પોતાનો અડીંગો જમાવી બેઠા છે.